For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સાતથી આઠ સ્થળે તપાસ, જો કે EDએ હજી સત્તાવાર માહિતી આપી નથી

# સુરેન્દ્રનગરના કલેક્ટરને ત્યાં EDના દરોડા

**નાયબ** મામલતદારના નિવાસસ્થાને પણ તપાસની કાર્યવાહી કરવામાં આવી

**જિલ્લા** કલેક્ટર ડો. રાજેન્દ્રકુમાર પટેલ 2015 બેચના આઈએએસ અધિકારી છે, જ્યારે ચંદ્રસિંહ મોરી નાયબ મામલતદાર છે





**આ લોકો EDની રડારમાં આવ્યા**

**ડો. રાજેન્દ્રકુમાર પટેલ**
**ચંદ્રસિંહ મોરી**
**મયૂરસિંહ ગોહિલ**
**ચેતન કણઝરીયા**

**અન્ય અધિકારીઓમાં ફફડાટ**

સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર પટેલ તેમજ કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરે વહેલી સવારથી જ ઈડીએ દરોડા પાડયા હતાં. ઈડીના સર્ચ ઓપરેશનની જાણ થતાં જ અન્ય અધિકારીઓમાં ફફડાટ ફેલાયો હતો. ઈડીના અધિકારીઓએ વહેલી સવારથી નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

**સુરેન્દ્રનગરના એક વકીલની પણ ભૂમિકા હોવાનું સામે આવ્યું**

દસાડા તાલુકાના નાવિયાણી ગામ અને લખતર તાલુકાના તલસાણા ગામના કૌભાંડ બાબતે ઈડીના દરોડા પડ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે. સુરેન્દ્રનગરના એક વકીલની પણ ભૂમિકા હોવાનું સામે આવ્યું છે, એના ત્યાં પણ ઇડીના અધિકારીઓ ગયા હતા. આ ઉપરાંત કલેક્ટરના પીએની પણ આમાં ભૂમિકા હોવાની ચર્ચા છે.

ગાંધીનગર : સુરેન્દ્રનગર જિલ્લામાં આજે વહેલી સવારથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED)ની ટીમોએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. ઈડીની અલગ-અલગ ટીમોએ સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર ડૉ. રાજેન્દ્રકુમાર પટેલના નિવાસસ્થાન તેમજ વઢવાણના રાવળવાસ વિસ્તારમાં નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આ ઉપરાંત અન્ય કેટલાક સ્થળો પર પણ તપાસ ચાલી રહી છે, ખાસ કરીને બેનામી સંપત્તિના મામલે આ દરોડાની કાર્યવાહી ચાલી રહી હોવાની માહિતી મળી છે. સુરેન્દ્રનગરના જિલ્લા કલેક્ટરના નિવાસ્થાને ચાલી રહેલી ઈડીના દરોડાની કાર્યવાહીના પગલે છેક ગાંધીનગરમાં આઈએએસ અધિકારીઓમાં ધ્રુજારી વ્યાપી ગઈ છે.

ઈડીની આ તપાસમાં 8થી વધુ વાહનો અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જોવા મળ્યો છે. સ્થાનિક મીડિયા અને સોશિયલ મીડિયા પરથી મળતી માહિતી અનુસાર, આ કાર્યવાહી મની લોન્ડરિંગ અને બેનામી સંપત્તિ સંબંધિત આરોપોને લઈને હાથ ધરવામાં આવી છે. બેનામી સંપત્તિ ઉપરાંત જમીન સંબંધિત અનિયમિતતાઓનો પણ ઉલ્લેખ છે. જોકે, ઈડી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી અને તપાસના મુદ્દા અંગેની વિગતો ગુપ્ત રાખવામાં

...અનુસંધાન પાના 5 પર

### આંતરરાષ્ટ્રીય નશીલા પદાર્થોની તસ્કરી સામે મોટી કાર્યવાહી

# સુરત એરપોર્ટ પરથી 17.658 કિલો હાઈબ્રિડ ગાંજા સાથે દંપતી ઝડપાયું

**મૂળ** તામીલનાડુના ચેન્નાઈના 55 વર્ષના મોહમ્મદ ઇકબાલ અહેમદ ખાન તથા 53 વર્ષીય રસિયા અબ્દુલ કપૂરની કાયદેસર ધરપકડ

**દંપતી** બેંગકોકથી હાઈબ્રિડ ગાંજો લઈને આવી રહ્યું હતું ત્યારે સુરત ક્રાઈમ બ્રાંચ અને સેન્ટ્રલ એજન્સીની કાર્યવાહી



સુરતઃ તારીખ 22-12-2025ના રોજ સાંજે 7.30 વાગ્યે, બેંગકોકથી સુરત આવી રહેલી એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ નંબર IX-263માં આવેલા દંપતિને શંકાના આધારે અટકાવવામાં આવ્યા હતા. તેમની ચેક-ઇન બેગેજની સઘન તપાસ દરમિયાન 16 વેક્યુમ-પેક પારદર્શક પોલિથિન પેકેટો મળી આવ્યા હતા, જેમાં લીલા રંગનો પાંદડાવાળો પ્રતિબંધિત નશીલો પદાર્થ હોવાનું બહાર આવ્યું હતું. જપ્ત કરાયેલ પદાર્થનું કુલ વજન 17.658 કિલોગ્રામ હતું.

પ્રાદેશિક ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ કરેલા પ્રાથમિક પરિક્ષણ બાદ રિપોર્ટ આપ્યો હતો કે, આ પદાર્થ ગાંજો (કેનાબિસ) છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા કરાયેલા મૂલ્યાંકન મુજબ જપ્ત કરાયેલ નશીલા પદાર્થની આંતર રાજ્ય રૂ.6.18 કરોડ થાય છે, જ્યારે તેની આંતરરાષ્ટ્રીય ગેરકાયદે બજાર કિંમત અંદાજે રૂ.17.5 કરોડ હોવાનું જાણવા મળ્યું છે.

સુરત સિટી ડિટેક્શન ઓફ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા મૂળ તામિલનાડુંના ચેન્નાઈના 55 વર્ષના મોહમ્મદ ઇકબાલ અહેમદ ખાન તથા 53 વર્ષીય રસિયા અબ્દુલ કપૂરની કાયદેસર ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહી સુરત સિટી ડિટેક્શન ઓફ ક્રાઇમ બ્રાન્ચ (DCB), ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI), કસ્ટમ્સ વિભાગ તથા સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) દ્વારા સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સંયુક્ત રીતે સફળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં મોટી માત્રામાં હાઇડ્રોપોનિક વીડ (હાઈબ્રિડ ગાંજા) સાથે બે આંતરરાષ્ટ્રીય મુસાફરોને ઝડપી લેવામાં આવ્યા છે.

**1 લાખ સુધીનું કમિશન, શ્રીલંકા, મલેશિયા અને સાઉદીની પણ ટ્રીપ મારી છે**

53 વર્ષીય રાસીયા અબ્દુલ કપુર આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટ માટે કુરિયર તરીકે કામ કરતી હતી. આવા કેરિયરોને માત્ર એક જ ટ્રિપ માટે 50 હજારથી 1 લાખ રૂપિયા સુધીનું કમિશન ચૂકવવામાં આવતું હતું. મહિલા પેસેન્જર હોવાના કારણે એરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓની શંકા ઓછી રહે તે હેતુથી ડ્રગ માફિયા ખાસ મહિલાઓને પસંદ કરતા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ આરોપીઓ અગાઉ શ્રીલંકા, થાઇલેન્ડ, મલેશિયા અને સાઉદી અરેબિયા જેવા દેશોમાં વારંવાર પ્રવાસ કરી ચુક્યા છે. આ પ્રવાસો માત્ર ટુરિઝમ માટે નહીં પરંતુ ડ્રગ્સની હેરાફેરી માટે કરવામાં આવતા હોવાનું પોલીસ માને છે.

**એક્સ-રેને ચકમો આપવા કાર્બન પેપરનો ઉપયોગ**

એરપોર્ટ પર લાગેલા આધુનિક એક્સ-રે સ્કેનરને ભ્રમિત કરવા માટે તેઓ ટ્રોલી બેગના ગુપ્ત ખાનામાં ડ્રગ્સના પેકેટ સાથે કાર્બન પેપર અને ખાસ પ્રકારની રેપિંગ સામગ્રી વાપરતા હતા. કાર્બન પેપરના કારણે સ્કેનરમાં અંદરનો માલ સ્પષ્ટ દેખાતો ન હતો. તપાસમાં ખુલાસો થયો છે કે આ તૈયાર બેગ્સ બેંગકોક એરપોર્ટ સુધી જ કેરિયરોને સોંપી દેવામાં આવતી હતી. આ સમગ્ર વ્યવસ્થા ચેન્નાઈના મોહમદ અલી અને મોહમદ ઇબ્રાહિમ સંચાલિત કરતા હતા. meanwhile, સુરત ખાતે ડ્રગ્સની ડિલિવરી લેવા આવેલા માસ્ટરમાઇન્ડ તમીમ અન્સારીને પણ પોલીસે ઝડપી લીધો છે.

**ડ્રગ્સ રેકેટનો સૂત્રધાર તમીમ અન્સારી અઢી વર્ષથી ગેરકાયદે ધંધામાં સક્રિય**

આ રેકેટનો મુખ્ય કડી ગણાતો તમીમ ઇબ્રાહિમ અન્સારી છેલ્લા અઢી વર્ષથી ડ્રગ્સના ગોરખધંધામાં સક્રિય હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તે 15થી વધુ વખત બેંગકોકની મુસાફરી કરી ચૂક્યો છે. પોલીસને શંકા છે કે તે ડ્રગ્સની ડિલિવરી, સ્થાનિક સપ્લાય અને નાણાંકીય વ્યવસ્થામાં મહત્વની ભૂમિકા ભજવતો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તેનો નજીકનો સાથીદાર તાહાબ ફૈયાઝ અગાઉ દિલ્હીમાં 1 કિલો હાઇડ્રો વીડ સાથે ઝડપાઇ ચૂક્યો છે. આ બાબત દર્શાવે છે કે આ માત્ર એક શહેર પૂરતું નહીં પરંતુ રાષ્ટ્રીય સ્તરનું સંગઠિત નેટવર્ક છે, જે લાંબા સમયથી સક્રિય હતું.

# કુખ્યાત રવિ ફાઈટરે હનીપાર્ક રોડને ટોળા સાથે બાનમાં લીધો





**રવિએ** 25મી મેના રોજ પોસ્ટ કરેલો વિડીયો વાયરલ થતાં પોલીસ દોડતી થઈ, ગુનો નોંધવા તજવીજ

**કિડની** સર્કલ પર રેલીમાં રવિની થાર કારની પાછળ 30થી વધુ મોપેડ ચાલકોએ હેલ્મેટ પહેર્યું ન હતું

સુરતઃ શહેરમાં ટ્રાફિક પોલીસની આકરી ડ્રાઇવ વચ્ચે સોશિયલ મીડિયા પર એક વીડિયોએ ભારે ચર્ચા જગાવી છે, જેમાં ટ્રાફિકના નિયમોના સરેઆમ ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો ‘રવિ ફાઈટર’નામના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી વાઇરલ થયો છે. પોલીસે તેની પૂછપરછ કરવા ઘરે પહોંચી તો હાલ તે મહારાષ્ટ્રમાં હોવાનું જાણવા મળ્યું છે. મહારાષ્ટ્રથી આવતા ટ્રાફિક પોલીસ તેની પૂછપરછ કરી કાર્યવાહી કરશે. હાલ બાઇક નંબરના આધારે ટ્રાફિક વિભાગે કાર્યવાહી શરૂ કરી છે. વિવાદના પર્યાયી બની ગયેલો રવિ ફાયટર અગાઉ પણ આવા કારનામા કરી ચૂક્યો છે. અગાઉ પણ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા રવિની સંવેદનશીલ ગુનામાં પૂછપરછ કરવામા આવી હતી. આ ઉપરાંત યુવાનોને ગણપતિના નામે ભેગા કરીને ઇન્સ્ટાગ્રામ પર ઉંધાચત્તા કારનામા કરીને પ્રસિદ્ધી મેળવવામાં રવિ કુખ્યાત છે. રવિ ફાયટર સામે હાલમાં પોલીસ ફરિયાદ દાખલ કરવા ચક્રો ગતિમાન થયા છે.

હેલ્મેટ વગર એક્ટિવા સવારોની રેલીનો વીડિયો વાઇરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એક સફેદ રંગની થાર ગાડી રસ્તા પર જઈ રહી છે અને તેની પાછળ અંદાજે 30થી 40 જેટલા યુવાનો એક્ટિવા અને બાઈક લઈને સવાર છે. આટલી મોટી સંખ્યામાં હોવા છતાં, ટોળામાં રહેલા એક પણ યુવાને હેલ્મેટ પહેરવાની તસ્દી લીધી નથી, જે ટ્રાફિક પોલીસની કામગીરીને જાહેરમાં પડકાર ફેંકી રહ્યા હોય

...અનુસંધાન પાના 5 પર

### વાવ નજીક ફાયરિંગની ઘટનામાં

# મહિલા ફોરેસ્ટ ઓફિસર સોનલ સોલંકીનું મોત

**સોનલ** સોલંકીને અમદાવાદની નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા વોર્ડમાં દાખલ કરાઈ હતી

કામરેજઃ વાવ નજીક ફોરેસ્ટ ઓફિસર પર તેના પતિ આર.ટી.ઓ ઈન્સ્પેક્ટરના કહેવાથી તેના મિત્રએ ગોળી મારવાની ચકચારી ઘટનામાં મંગળવારના રોજ મહિલા ફોરેસ્ટ ઓફિસરે અમદાવાદ નવી સિવિલ હોસ્પિટલ ખાતે વહેલી સવારે દમ તોડ્યો હતો.

કામરેજના જોખા ગામે જૂના માહ્યાવંશી ફળિયામાં રહીને સુરત અડાજણ ખાતે વન વિભાગમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (આર.એફ.ઓ.) તરીકે નોકરી કરતાં સોનલબેન અરવિંભાઈ સોલંકી (ઉ.વ.33) ગત તા.6થી નવેમ્બરના રોજ સવારે પુત્રને કામરેજ ચાર રસ્તા ખાતે સ્કૂલે મૂકવા જવા માટે હોન્ડા અમેઝ કારમાં જઈ રહ્યાં હતાં. ત્યારે જોખા-વાવ રોડ પર આશરે 8.30 કલાકે ફોરેસ્ટ ઓફિસરના પતિ એવા આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર નિકુંજ કાંતિગીરી ગૌસ્વામીના કહેવાથી તેના મિત્ર ઈશ્વરગીરી માગુપુરી ગૌસ્વામીએ બાઈક પર આવી મહિલા ફોરેસ્ટ ઓફિસરની કાર ઊભી રખાવીને માથાના ભાગે એક ગોળી મારી જતો રહ્યો હતો. આ ચકચારી ઘટનામાં સુરત જિલ્લા પોલીસે આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર નિકુંજ ગૌસ્વામી અને ફાયરિંગ કરનાર ઈશ્વરગીરી ગૌસ્વામીની ધરપકડ કરી સુરત લાજપોર જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. તો બીજી તરફ સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી ફોરેસ્ટ ઓફિસર સોનલબેન સોલંકીને ગત તા.9-12-25ના અમદાવાદની નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા વોર્ડમાં દાખલ

...અનુસંધાન પાના 5 પર

# ડાંગના મહાલમાં દીપડીએ 7 વર્ષના બાળકને ફાડી ખાધો

**બચ્ચા** સાથે લટાર મારવા નીકળેલી દીપડીના હુમલામાં બાળકનું મોત, દાદી ઘાયલ

**વન** વિભાગ દ્વારા આદમખોર દીપડીને પકડવા માટે જંગલમાં પાંજરાં ગોઠવાયાં



સાપુતારા : ડાંગ જિલ્લાના ઉત્તર વન વિભાગ હેઠળ આવતા સુબીર તાલુકાના બરડીપાડા રેંજમાં એક હૃદયદ્રાવક ઘટના ઘટી છે, જેમાં મહાલના જંગલ વિસ્તારમાં દીપડીએ સાત વર્ષના માસૂમ બાળકનો ભોગ લીધો છે. મળતી માહિતી મુજબ, મહાલ ગામનો રિતેકભાઈ જિતેરામભાઈ ધુલુમ નામનો બાળક તેના દાદી અંતુબેન સાથે પશુઓ ચરાવવા જંગલ નજીકના ખેતરમાં ગયો હતો. રિતેકના માતા-પિતા સુગર ફેક્ટરીમાં મજૂરી કામે ગયા હોવાથી તે તેના દાદીના આશ્રય હેઠળ હતો. બપોરે આશરે બે વાગ્યાના સુમારે પોતાના બચ્ચા સાથે નીકળેલી દીપડીએ અચાનક દાદી અને બાળક પર હુમલો કરી દીધો હતો. દીપડીએ રિતેકના ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતુ. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ બનાવની જાણ થતા જ બરડીપાડા રેંજનાં આર.એફ.ઓ. ડી.એસ. હળપતિ સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહનો કબજો મેળવી પીએમ માટેની તજવીજ હાથ ધરી હતી. હાલમાં વન વિભાગ દ્વારા આદમખોર દીપડીને પકડવા માટે જંગલમાં પાંજરા ગોઠવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

### એક હાથમાં છરો બીજા હાથમાં માથું લઈને ફર્યો હતો

# વાપીમાં પત્નીના હત્યારાને ફાંસીની સજા

**વાપીની** થર્ડ એડિશનલ સેશન્સ કોર્ટના 137 પાનાંના ચુકાદાએ રેરેસ્ટ ઓફ રેર કેસ તરીકે ફાંસીની સજા કરી

વાપી : વાપીના ડુંગરા વિસ્તારમાં 29 વર્ષિય પત્નીના ચારિત્ર ઉપર ખોટો વહેમ રાખી રાત્રિ દરમિયાન મોટા છરાથી ધડથી માથું કાપીને અલગ કરીને તેની હત્યા કરી નાંખી હતી. તેમજ પત્નીનું માથું હાથમાં લઈને નાળામાં નાખી દીધું હતુ. પત્નીની ક્રુરતાપૂર્વક હત્યા કરવાના કેસમાં વાપીની થર્ડ એડિશનલ સેશન્સ કોર્ટે આરોપી પતિને ફાંસીની સજાનો હુકમ કર્યો છે. 137 પાનાના વાપી કોર્ટના આ ચૂકાદામાં રેરેસ્ટ ઓફ રેર કેસ તરીકે પત્નીની ક્રુરતા પૂર્વક હત્યા કરવાના કેસમાં પતિને ફાંસીની

...અનુસંધાન પાના 5 પર

**રેરેસ્ટ ઓફ રેર કેસ શા માટે ?**

વાપીની કોર્ટમાં મંગળવારે પત્નીની હત્યાના આરોપીને ફાંસીની સજાનો 137 પાનાનો ચુકાદો આપ્યો તેમાં આ કેસની રેરેસ્ટ ઓફ રેર કેસ તરીકે ગણીને ફાંસીની સજાનો હુકમ કર્યો હતો. પતિએ તેની પત્નીને ધડથી માથું જુદું કરીને છરો હાથમાં લઈને આરોપી તેની પત્નીનું માથું એક હાથમાં પકડી રાત્રે ડુંગરાના ડુંગરી ફળિયામાં રસ્તા ઉપર ફર્યો હતો. તેમજ તેનું માથું

...અનુસંધાન પાના 5 પર


**ચાલી માલિક તેમજ તેની પત્ની આઈવિટનેસ હોવાથી સજા થઈ**

વાપીમાં પત્નીની હત્યા કરનાર પતિને ફાંસીની સજા થઈ તેમાં મુખ્ય શાખ્સી તરીકે જે ચાલીના રૂમમાં આરોપી રહેતો હતો. તે ચાલીના માલિક તેમજ તેની પત્ની આઈવિટનેસ તરીકે રહ્યા હતા. આ કેસમાં ફરિયાદી તરીકે પણ ચાલીના માલિકે ફરિયાદ આપી હતી. આ બનાવ બાદ તેમણે આરોપીને એક હાથમાં છરો અને બીજા હાથમાં તેની પત્નીનું માથું લઈને જતા જોયો હતો.

**વાપીની કોર્ટમાં ૧૯ દિવસમાં બીજી ફાંસીનો હુકમ**

વાપીની જુદી જુદી બે કોર્ટમાં ૧૯ દિવસમાં બીજો ફાંસીનો હુકમ થયો છે. આ પહેલા બાળકી સાથે દુષ્કર્મ તેમજ તેની હત્યા કરવાના બનાવમાં વાપીની સ્પેશિયલ પોસ્કો કોર્ટ દ્વારા આરોપીને ફાંસીની સજા ફટકારતો ચુકાદો આપવામાં આવ્યો હતો. મંગળવારે પત્નીની હત્યાના કેસમાં પતિને ફાંસીની સજાનો વાપીની થર્ડ એડિશનલ સેશન્સ કોર્ટના ન્યાયધીશે ચુકાદો આપ્યો છે. આ બંને બનાવ ડુંગરા વિસ્તારમાં બન્યા હતા.



**પાંચમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવું એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવિત રહેવું એ જીંદગીમાં કરેલા સારા કર્મોની વાત છે. તમો અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવિત છો. પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રભુ પ્રાર્થના. ॐ શાંતિ... ॐ શાંતિ... ॐ શાંતિ...

સ્વ. ગોવિંદભાઈ ઘેલાભાઈ પટેલ
સ્વ.તા.૨૪/૧૨/૨૦૨૦

લિ. શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ વતી ટ્રસ્ટી મંડળ, યુવા મંડળ, કસ્તુરી મહિલા મંડળ તથા સર્વે સભાસદ ભાઈઓ / બહેનો તથા ગોવિંદજી હોલ પરિવાર
શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ, ગોવિંદજી હોલ, ડભોલી રોડ, સુરત.



**બેસણું**

દિલગીરી સાથે જણાવવાનું કે અમારી પુત્રી **ભાવનાબેન મંગુભાઈ પટેલ તા.૨૧-૧૨-૨૦૨૫**ને **રવિવાર**ના રોજ **સ્વર્ગવાસ** પામેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું તા.૨૫-૧૨-૨૦૨૫, ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે નીચેનાં સ્થળે રાખેલ છે.

લિ.
મંગુભાઈ ખુશાલભાઈ પટેલ મો. ૯૦૦૨૩ ૯૩૪૯૦
દક્ષેશભાઈ મંગુભાઈ પટેલ (ભાઈ) મો. ૯૦૩૦૮ ૦૫૦૨૮
સ્થળ : કૃષિભવન, અરિયાણા, ઓલપાડ, સુરત.

સ્વ. ભાવનાબેન મંગુભાઈ પટેલ
સ્વ.તા.૨૧-૧૨-૨૦૨૫
(ગામઃ અરિયાણા)




**ભાવભીની શ્રદ્ધાંજલિ**

સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી પોતાના પ્રેમાળ હૃદયથી ઓળખનારા, મુખ પર મધુર સ્મિત, અંતરમાં ઊર્મિ, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવ વાળા આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના

સ્વ. ઈશ્વરભાઈ દુલ્લભભાઈ પટેલ
માજી સરપંચ, મોર ટુંડા
સ્વ. તા. ૨૨-૧૨-૨૫

લિ.
પ્રદિપ પટેલ
(મયુર મંડપ એન્ડ ડેકોરેશન)
સુખદેવ કિકાભાઈ પટેલ



શ્રી પટેલ પ્રગતિ મંડળના જમીનદાતા/આદ્યસ્થાપકશ્રીને
**૧૮મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

મંડળના જમીનદાતા, આદ્યસ્થાપક અને પૂર્વ પ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રી
સ્વ. નાથુભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઈચ્છાપોર-મુંબઈ)
જન્મ તા. ૨૧.૦૧.૧૯૧૪ - સ્વ. તા. ૨૪.૧૨.૨૦૦૭

આપની નિર્મલ નિખાલસતા, નિરંતર કાર્યશીલતા, આપનો સૌમ્ય, સેવાભાવી સ્વભાવ, ગીતાધર્મને ભૂલ્યા વિના, સમાજમાં એક ધૂપસળી જેવું મહેકતું જીવન સૌના હૃદયમાં ઝંકૃત થઈ અશ્રુ વહાવી જાય છે. પારિવારિક આપ્તજનો ઉપરાંત સમાજમાં ઉદ્‌ભવેલો ખાલીપો સદૈવ વણપૂર્યો રહેશે. વ્યાપક જીવન ઉજાગર કરી જનારા દિવ્યાત્માને શાશ્વત ચિર શાંતિ પ્રદાન કરે એવી પ્રભુ પ્રાર્થના..

**શ્રી પટેલ પ્રગતિ મંડળ મુંબઈ-સુરત.**
પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તેમજ કલ્યાણી મહિલા પાંખના બહેનો

સત્ કૈવલ સાહેબ **દુઃખદ અવસાન - બેસણું** સત્ કૈવલ સાહેબ



સ્વ. ડાહીબેન નાનુભાઈ ઉમરીગર
સ્વ. તા. ૨૧/૧૨/૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી ડાહીબેન નાનુભાઈ ઉમરીગરનું તા. ૨૧/૧૨/૨૦૨૫ રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના..

સદ્‌ગતનું બેસણું તા.૨૫/૧૨/૨૦૨૫ ગુરૂવારના રોજ બપોરે ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે
બેસણાનું સ્થળ : જીવાભાઈ એસ્ટેટ, SVNIT કોલેજ સામે, ઉમરા, સુરત.

લિ.
હરીશભાઈ નાનુભાઈ ઉમરીગર | શૈલેષભાઈ નાનુભાઈ ઉમરીગર
સિદ્ધાર્થ યોગેશભાઈ ઉમરીગર | કિશન યોગેશભાઈ ઉમરીગર
તથા સમસ્ત જીવાભાઈ પરિવાર

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



**દુઃખદ અવસાન - બેસણું**

અમારા વડીલ / પિતાશ્રી **ઈશ્વરભાઈ દુલ્લભભાઈ પટેલ** (માજી સરપંચ, મોર ટુંડા)નું તા.૨૨-૧૨-૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્ ગતનું **બેસણું તા.૨૫-૧૨-૨૦૨૫, ગુરુવાર**ના રોજ **સવારે ૯ થી ૧૨** દરમ્યાન **શ્રીજી નગર,** મોર ટુંડા, તા. ઓલપાડ, જી. સુરત ખાતે રાખેલ છે.
(લૌકિક રિવાજ બંધ છે)

સ્વ. ઈશ્વરભાઈ દુલ્લભભાઈ પટેલ
માજી સરપંચ, મોર ટુંડા
સ્વ. તા. ૨૨-૧૨-૨૫

શોકાતુર
જતીનભાઈ ઈશ્વરભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર